



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ચિલોડા પંથકમાં વરસાદની હેલી : ખેતરો-તળાવ છલકાયા, ખેડૂતો હરખાયા

ચિલોડા, તા. ૨૭

સમગ્ર ગુજરાતમાં મેઘરાજાની ધીમી ધારે પધરામણીથી ખેતરોમાં વરસાદી પાણી ભરાતાં લીલાછમ હરિયાળી સર્જાતા જગતના તાતના જીવમાં જીવ આવ્યો છે. છેલ્લા એક માસથી ચાતક પક્ષીની જેમ રાહ જોતાં ખેડૂતોમાં વરસાદી માહોલથી ખુશીનું અને રાહતનું મોજું ફરી વળ્યું છે. હાલમાં કાચા સોના જેવો વરસાદ વરસતાં ખેતરો પાણીથી જળબંબાકાર બનતાં ભેજનું પ્રમાણ જળવાતાં જળસિંચન અને જળરાંચપ થતાં ખેડૂતો ખુશખુશાલ થયા છે.

ચિલોડા પંથકમાં સતત ધીમીધારે અમી વર્ષાથી તળાવો અને ખેતરો પાણી પાણી દેખાતાં લોકોમાં રાહત અને સંતોષની લાગણી પ્રવર્તવા પામી છે. પવનના સુસવાટા અને શ્રીવર્ષાકાર થતાં અમુક વૃક્ષો જમીનદોસ્ત થયા હતા. ચિલોડાના વિશાળ તળાવમાં ધણપ તરફથી આવતી કોસમાંથી પાણીના વહેણથી તળાવ છલોછલ ભરાતાં ગ્રામજનોમાં અનેરો આનંદ વ્યાપી ગયો છે. જ્યારે ચિલોડા સર્કલ પાસે પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે સર્કલ ફરતે પાણી ભરાતાં વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડી છે. ચિલોડા બજારમાં વરસાદી માહોલથી છત્રી, રેઈનકોટ અને પ્લાસ્ટિકના વેચાણની ઘરાકી ખુલવા પામી હતી. ખેડૂતોએ હવે ખેતરો ઉભરાતાં ડાંગરના પાકની વાવેતર માટે ધરૂ મેળવવા દોડધામ આરંભી દીધી છે.

# સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા સન્માન સમારોહ યોજાયો

## સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા પંચાયત પદાધિકારીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શતાયુ નાગરિકોનું સન્માન કરાયું

હિંમતનગર, તા.૨૭

સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા સોમવારે હિંમતનગરના નલીનકાન્ત ગાંધી ટાઉન હોલ ખાતે પંચાયત પદાધિકારીશ્રીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શતાયુ નાગરિકોનો સન્માન સમારોહનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા, નાણા મંત્રી સૌરભભાઈ પટેલ તથા સંસદીય સચિવ ભરતસિંહ ડાભીએ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.

મંત્રી રમણલાલ વોરાએ દેશની આઝાદીમાં બલિદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓને ભાવાંજલિ આપતા જણાવ્યું હતું કે, આઝાદી માટે સંઘર્ષમય જીવન જીવીને સમાજને સારું નેતૃત્વ પુરું પાડનાર આપણા પૂર્વજોના જીવનમાંથી પ્રેરણા લેવા જેવી છે. જે સમાજ પોતાના આવા સમાજસેવીઓનું સન્માન નથી કરતો તે રાષ્ટ્રરાજયનો વિકાસ પાંગળો બની જાય છે.કાર્યક્રમમાં ઉપસ્થિત નાણા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજયની સ્થાપના બાદ પંચાયતી રાજની વ્યવસ્થા અમલી બનતા ત્રિસ્તરીય માળખુ રચાયું છે. ત્રિસ્તરીય પંચાયતી રાજના કારણે ગામડાઓને વિવિધ ગ્રાન્ટ, વિકાસ માટેના નાણા મળતા થયાં છે.

આ પ્રસંગે પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય રમીલાબેન બારા અને જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્યા કૌશલ્યાકુંવરબાએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓના પરીવારજનો અને શતાયુ નાગરિકો મળી કુલ ૯૦ મહાનુભાવોનુ સન્માન કરવામાં આવ્યું હતું.

શાબ્દિક સ્વાગત અને કાર્યક્રમની રૂપરેખા સાબરકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ શાન્તાબેન પટેલે આપી હતી. કાર્યક્રમના અંતે આભારવિધી જિલ્લા વિકાસ અધિકારી નાગરાજને કરી હતી.

# મોડાસાની ટ્રાફિક સમસ્યા નિવારવા સિંગાપુર પદ્ધતિનો પ્લાન રજૂ કરાયો

મોડાસાનીટ્રાફિક સમસ્યા તંત્ર માટે સર ર્દદ સમાન પુરવાર થઈ રહી છે. પાલીકા, પોલીસ કે આર એન્ડ બી વિભાગ પણ પ્રજાની પરેશાની દૂર કરવામાં અસમર્થ નીવડી રહયો છે. ત્યારે જીલ્લા ટ્રાફિક સલાહકાર સમિતિના સભ્ય દ્વારા વર્ષો જુની સમસ્યા હલ કરવા સીંગાપુર પધ્ધતિનો પ્લાન સમિતિની બેઠકમાં રજૂ કરતાં પ્લાન એસએચડીપીમાં જરૂરી મંજૂરી માટે મોકલી અપાયો છે. પ્લાન મંજૂર થયેથી મોડાસાની ટ્રાફીક અને ગેરકાયદેસર પાર્કીગની સમસ્યા હલ થશે તેવો આશાવાદ વહીવટી તંત્ર સેવી રહયું છે.

અરવલ્લી જીલ્લા કલેકટર એસ.છાકછુવાકના અધ્યક્ષ સ્થાને તાજેતરમાં જીલ્લા કચેરી ખાતે જીલ્લા ટ્રાફીક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં મોડાસાની સરદર્દ સમી ટ્રાફીક સમસ્યાને સિંગાપુર સ્ટાઈલ થી હલ કરવા સમિતિના સભ્ય અને મોડાસાના જાણીતા બીલ્ડર કમલેશ પટેલે જરૂરી સુચનો રજુ કર્યા હતા. એનજીનીયર એવા સભ્ય તૈયાર કરેલ નકશો મીંટીંગમાં રજૂ કર્યો હતો અને મોડાસા નગરના કોલેજ રોડથી માજુમ બ્રીજ ના છેડા સુધીના મુખ્ય માર્ગ ઉપર ની ટ્રાફીક સમસ્યા અને ગેરકાયદેસર પાર્કીગ નો પ્રશ્ન કેવી રીતે હલ કરી શકાય તે અંગેની વિગતો સમિતિના સભ્યો સમક્ષ રજુ કરી હતી.

મોડાસા નગરના મધ્ય બજારમાંથી પસાર થતો ૨૫ મીટરના સ્ટેટ હાઈવે માર્ગ ને રેલીંગથી બે ભાગમાં વહેચાયેલો છે. ટુ લેન્ડ ને વાહનો માટે વનલેન્ડ કરી બાકી રહેતી જગામાં પેપાર્કીગ અને રીલીંગ લગાવી ફુટપાથ તૈયાર કરવાની દરખાસ્તને જીલ્લા સલાહકાર સમિતિના અધ્યક્ષ અને જીલ્લા કલેકટર સ્વીકારી રજૂ કરાયેલ દરખાસ્ત પ્લાન ની સૈધ્ધાંતિક મંજૂર માટે સ્ટેટ હાઈવે ડેવલોપમેન્ટ પ્રોજેકટના કાર્યપાલક ઈજનેર ને નડીયાદ ખાતે મોકલી અપાયો હતો.

### શું છે સિંગાપુર સ્ટાઈલ પ્લાન

મોડાસાનાબીલ્ડર ટ્રાફિક સલાહકાર સમિતિના સભ્ય અને પૂર્વ સદસ્ય કમલેશ પટેલના જણાવ્યા મુજબ વિદેશોમાં માર્ગ પૈકીની જગા ઉપર પેપાર્કીગ સુવિધા પુરી પડાય છે જેથી પાલીકાની આવક સાથે ગેરકાયદેસર પાર્કીગનો પ્રૅ હલ કરી શકાય. મોડાસા નગરના એસ.ટી. સ્ટેન્થી ડીપ સુધીના માર્ગ ઉપર ની ટ્રાફીક સમસ્યાનું મુખ્ય કારણ ગેરકાયદેસર પાર્કીગ છે. જેથી એક સાઈડના ૧૨ મીટરના રોડની માત્ર ૬ મીટર જગા વાહનને પસાર થવા ઉપયોગી બને છે. દરખાસ્ત મુજબ હાલના ૨૫ મીટર ના માર્ગની વચ્ચે રેલીંગ ફીટ કરાયેલી છે એક સાઈડના ૧૨ મીટર રોડ પૈકી ૬ મીટર રોડ વાહનો માટે, ૩ મીટર રોડપાર્કીગ માટે અને બાકીની ૩ મીટર જગા દુકાનો સાઈડે રેલીંગ લગાવી ફુટપાથ દ્વારા રાહદારીઓ માટે સુરક્ષીત છોડી શકાશે.





## ગાયનેક સેમીનાર યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્માની જ્યોતિ વિદ્યાલય ખાતે તાજેતરમાં ધો. ૯, ૧૦, ૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે ગાયનેક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દ્રુપદ હોસ્પિટલના ડૉક્ટર દક્ષાબેન પટેલનું શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલે સ્વાગત કર્યુ હતુ. ડૉ. દક્ષાબેન દ્વારા વિદ્યાર્થીનીઓની ગાયનેક સમસ્યા અને તેના નિવારણ અને તે માટે સાવચેતીના પગલાની વિસ્તૃત માહિતી આપી હતી. વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોનું ડૉક્ટર દ્વારા સલાહ સૂચન કરવામાં આવ્યું હતું. સેમીનારનું સફળ આયોજન સ્મીતાબેન જોષી, યોગીનીબેન ભટ્ટ, ભાનુબેન ડામોરે કર્યુ હતુ.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



## મેઘરજના પટેલઢુંઢા નજીક જીપ-બાઈક વચ્ચે અકસ્માત : ૧નું મોત

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની પટેલઢુંઢા ચોકડીથી ઉન્ડવા તરફ જતા રોડ પર આજે બપોરના સમયે જીપ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક આશાસ્પદ યુવાનનું મોત નિપજ્યું હતું. સીંદોરીયા ગામનો યુવાન બાઈક લઈ મેઘરજ-ઉન્ડવાના મેઈન રોડ પર ચઢી રહ્યો હતો ત્યારે મેઘરજ તરફથી આવી રહેલી જીપ (જીજે૨બીડી-૨૨૦૬)ની મેક્સગાડી સાથે ધડાકાભેર ટકરાઈ હતી અને ઘટનાસ્થળે જ બાઈકચાલકનું મોત નિપજ્યું હતું. આકસ્મીક યુવાનના મોતના સમાચારથી મેઘરજ પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. મેઘરજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. (તસવીર : મુકેશ ડામોર, ઈસરી)


# શામળાજી પોલીસે બે ટ્રકમાંથી ૩૦ લાખનો વિદેશી દારૂ પકડ્યો

શામળાજી, તા. ૨૭

અરવલ્લજી જીલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ ૫૨ આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીકથી શામળાજી પોલીસે આણંદના એક કુખ્યાત બુટલેગરને સપ્લાઈ કરવાનો વિદેશી દારૂની બે ટ્રકો રાજસ્થાન તરફથી ઝડપી પાડી. બંને ટ્રકમાં સંતાડેલો વિદેશીદારૂનો ૩૦.૭૭ લાખનો વિરેધી દારૂ ઝડપી પાડી શામળાજી પોલીસે ૩ શખ્સોને જેલને હવાલે ધકેલી દઈ તારાપુર (આણંદ) ના બુટલેગરને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

ભિલોડા તાલુકાના શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ ૫૨ આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીકથી બે ટ્રકમાંથી ૩૦.૭૭ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. શાળમાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ટી. ઉદાવતે બૂટલેગરોના ગેરકાયદેસર વિદેશી દારૂ ઘૂસાડવાના નવતર પ્રયોગોની હવા કાઢી નાખી છે. શામળાજી પોલીસે રવિવારની રાતથી રાજસ્થાન તરફથી આવી રહેલા વાહલોનું સઘન ચેકિંગ હાથ ધર્યુ હતું. તારાપુર (આણંદ)ના રાજુ ઉર્ફે ભાણો જયસ્વાલને રાજસ્થાનના આંતરરાજય બુટલેગર દ્વારા સપ્લાહ કરતા વિદેશી દારૂનો જથ્થો ૩૦.૭૭ લાખનો બે ટ્રકોમાંથી ઝડપી પાડ્યો હતો. રાજસ્થાન તરફથી આવી રહેલ ટ્રક (ગાડી નં. આરજે-૨૧ ૩૦૮૨) ને અટકાવીને તલાશી લેતાં બેગરના ભૂસાની આડમાં સંતાડીને લવાતો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. બંને ટ્રકમાંથી કુલ ૭૫૪ વિદેશી દારૂની પેટીઓમાં રહેલી બોટલો/ટીન નંગ કુલ ૧૫૬૯૬ જેની કિંમત રૂા. ૩૦૭૮૦૦૦ થતા બંનેની ટ્રકની કિંમત રૂા. ૨૦ લાખ મોબાઈલ ફોન ૩ નંગ, કિમત રૂા. ૧૫૦૦નો મુદામાલ જપ્ત લઈ વિનોદકુમાર ગુલાબસીંગ રાજપુત, વિજેશ કુમાર બજરંગલાલ યોગી, જીતેન્દ્રકુમાર ગીસરામ આહીર (રહે. રાજસ્થાન) ની ધરપકડ કરી જેલને હવાલે ધકેલી દીધા હતા. શામળાજી પોલીસે રમેશકુમાર અમરસીંગ (રાજસ્થાન) અને રાજુ ઉર્ફે ભાણો નવનીતરાય જયસ્વાલ (રહે. તારાપુર, આણંદ)ની વિરુદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુનો નોંધી. બંને બૂટલેગરોને ઝડપવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે.

## શબ્દાવલી - ૫૮૦૧



### આડી ચાવી

૧. સાતતાળી, એક રમત (૫)
૫. મહેંદી (૨)
૭. બીક, ડર (૪)
૮. ઘરેણું, ઝવેરાત (૩)
૯. લાવણ્યમય (૪)
૧૧. આઇ, પોતે, જાતે (૧)
૧૨. 'જતન' શબ્દ ઊંધો (૩)
૧૩. દીદાર, એકવારના ગર્શન (૩)
૧૫. હરસ, મસાને લગતો રોગ (૪)
૧૭. સંપૂર્ણ, પુરુ (૩)
૨૦. ખાંસી, એક ઘાસ, આડખીલ (૨)
૨૧. જર્જરીત (૫)
૨૩. વિમાનની દોડપટ્ટી (૩)
૨૪. રાંધેલું અનાજ (૪)

### ઊભી ચાવી

૧. કાંકરી કે નાનો પથરો (૩)
૨. કમર, કેડ (૨)
૩. ઓડકાર (૩)
૪. સત્યાનાશ (૨)
૫. નાનમ (૪)
૬. અણસમજુ (૪)
૮. જોશ, જુસ્સો, જોમ (૩)
૧૦. એક મિઠાઇ (૫)
૧૩. ઝબકવું તે (૪)
૧૪. કંઇ જ, કોઇ વાતની (૨)
૧૬. ઋષિ પંચમીએ મૃતક વ્યક્તિઓની પાંચમ કરાય તે (૨)
૧૭. હાથનું એક ઘરેણું (૩)
૧૮. પ્રાપ્ત થવા, મળવા (૩)
૧૯. પ્રિયમત, સાથી (૩)
૨૨. જરૂરિયાત (૨)

### શબ્દાવલી ૫૮૦૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) આપઘાત (૫) ઘુઘરા (૬) ઘાલમેલ (૭) તટ (૮) નટખટ (૧૦) બાપા (૧૨) જવલિકા (૧૫) હેલન (૧૮) ટકટક (૨૦) વહેવાર (૨૧) તકાજો (૨૨) પતાવવું

**ઊભી ચાવી :-** (૧) આઘાત (૨) પલટવું (૩) ધામે (૪) તલ (૫) ઘુમટ (૮) નપાવટ (૯) ટચ (૧૦) બાજ (૧૧) કહેવત (૧૩) નિકટતા (૧૪) કાટ (૧૬) લહેકા (૧૭) નવાજો (૧૯) કડવું

## વરસાદી હેલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાળકોએ સ્કૂલે જવાનુ ટાળ્યુ હતુ તો કેટલાકે ટુ વ્હીલર કે સાઈકલ પર સ્કૂલે જવાને બદલે રીક્ષા કે કાર જેવા સલામત વિકલ્પો અપનાવ્યા હતા. સવારે આઠેક વાગ્યે વરસાદે થોડોક વિરામ લીધો હતો. જો કે બે કલાકના વિરામ બાદ મેઘરાજા ફરી ધુંવાધાર બેટીંગના મુડમાં આવી ગયા હતા. દસ વાગ્યાથી ધોધમાર વરસાદ વરસવો શરૂ થતાં શહેર આખુ પાણી પાણી થઈ ગયુ હતુ. કચેરીઓ શરૂ થવાના સમયે જ જોરદાર વરસાદ ચાલુ રહેતા અધિકારીઓ-કર્મચારીઓ વરસાદમાં અટવાયા હતા. માર્ગો પર ઠેર ઠેર પાણી ભરાતા ઓફિસના પીકઅવર્સ દરમ્યાન ટ્રાફીક જામના દશ્યો જોવા મળ્યા હતા. કર્મચારીઓ જેમ તેમ કરીને મોડા વહેલા કચેરીમાં પહોંચ્યા હતા. બપોરની સ્કૂલના વિદ્યાર્થીઓની હાલાકી ભારે વરસાદમાં વધી હતી. ઘણા માર્ગો પર પાણી ભરાતા સ્કૂલ રીક્ષા અને વાનચાલકોને માર્ગ બદલવાની ફરજ પડી હતી. જોરદાર વરસાદ હોવાથી ઘણા વાલીઓ જાતે જ બાળકોને મુકવા સ્કૂલે પહોંચતા શાળા પરિસરની આસપાસ વાહનોનો જમાવડો થઈ ગયો હતો. ઘણી શાળાઓમાં કે.જી.-નર્સરીના નાના બાળકોને રજા આપી દેવાઈ હતી. કેટલાક બાળકો શાળાએ ન આવતા વર્ગખંડોમાં પાંખી હાજરી જોવા મળી હતી.

બપોરે વરસાદની ગતિ ધીમી પડતા માર્ગો પર ભરાયેલા પાણી થોડાક ઉતર્યા હતા. આખી બપોર ઝરમરીયો વરસાદ પડ્યા બાદ બપોર બાદ ફરીથી સાંબેલાધાર વરસાદ વરસવો શરૂ થઈ ગયો હતો. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી શહેર અને સમગ્ર જિલ્લામાં ધોધમાર વરસાદ ચાલુ રહ્યો છે.

ગઈકાલે સાંજે ૫.૩૦ થી આજે સવારે ૮.૩૦ સુધી શહેરમાં ૫૨ મી.મી. વરસાદ પડ્યો હતો, જ્યારે આજે સવારે ૮.૩૦ થી સાંજે ૫.૩૦ સુધી ૬૭ મી.મી. વરસાદ નોંધાયો છે. આમ છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં ૧૧૯ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. આ સાથે મોસમનો કુલ વરસાદ ૩૭૫ મી.મી. થયો છે. પવન સાથે વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. મહત્તમ તાપમાન ૨૫.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૪.૦ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૧૦૦ ટકા અને સાંજે ૧૦૦ ટકા રહ્યું હતું.

## ૩૦ ટકા વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટામેટા અને શાકભાજીના પાકોના વાવેતરમાં વ્યસ્ત બન્યા છે. વરાપ નીકળ્યા બાદ પણ અન્ય કઠોળ પાક તેમજ કપાસનું વાવેતર થશે તેમ અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

જિલ્લામાં આજે દિવસ દરમ્યાન પણ વરસાદના હળવાથી ભારે ઝાપટા નોંધાયા છે. સવારે ૮ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીમાં જિલ્લાના ચારેય તાલુકાઓમાં બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ગાંધીનગર તાલુકામાં ૫૭ મી.મી. દિવસ દરમ્યાન વરસાદ નોંધાયો છે. તો જિલ્લાના કલોલમાં ૩૬ મી.મી., દહેગામમાં ૩૭ મી.મી. અને માણસામાં ૩૨ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ માણસા અને દહેગામ તાલુકામાં નોંધાયો છે. આ પછી કલોલ અને ગાંધીનગર તાલુકામાં લગભગ એક સરખો વરસાદ નોંધાયો છે.

દરમ્યાન દહેગામ ખાતે આજે વધુ ૨૫ લોકોનું સ્થળાંતર કરાવી તેમને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

આજે દહેગામની રાહત છાવણીની જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભિમજ્યાણી, પ્રાંત અધિકારી શ્રી રાકેશ વ્યાસે મુલાકાત લઈ ત્યાં મામલતદાર, તા. વિ. અધિકારી તેમજ ચીફ ઓફિસર સહિતના અધિકારીઓની બેઠક કરી પરિસ્થિતિ પર નજર રાખવા તેમજ છાવણીમાં દરેકને પુરતી રાહત મળે તે જોવા માર્ગદર્શન આપી નુકશાનીનો સર્વે કરવા જણાવ્યું હતું.

જિલ્લામાં હજુ પણ ૨૪ કલાક સુધી વરસાદનું આવુ જ જોર રહેશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં જે વરસાદની ઘટ હતી તે આ રાઉન્ડમાં પુરી થઈ જવા પામી છે. વરસાદને કારણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પાણીની નવી આવક થવા પામી છે.

## તલાટી જ નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર જિલ્લામાં પંચાયતી રાજના ગામોની સંખ્યા ત્રણસો છે અને તેમાં ૯૦ ગામોમાં તલાટી નથી. ગ્રામીણ વહીવટીતંત્ર લગભગ ખોરવાઈ ગયું છે. આને કારણે વેરા વસુલી સહિતની કામગીરી લગભગ ઠપ્પ થઈ જવા પામી છે.

ગાંધીનગર જિલ્લાના વિસ્તાર પછી જે કેડર રિવ્યુ થવો જોઈએ તે પણ કરવામાં આવ્યો નથી અને એટલે હવે સો ફૂટ દૂર આવેલા સચિવાલયથી ભરાયેલો આ નાનો ડંખ પણ મોટો ભય બની ગયો છે અને પંચાયતી રાજ વ્યવસ્થાપકો માટે પડકાર ઉભો થયો છે.

જુનિયર કલાર્કથી લઈ અન્ય કેડરોમાં બઢતી આપવા માટે ખાતાકીય પસંદગી સમિતિની બેઠકો પણ બોલાવવાનું ટાળવામાં આવી રહ્યું છે. જેને લઈ સામાન્ય સભામાં પણ હોબાળો થયો હતો પરંતુ તંત્રએ મૌન ધારણ કર્યુ હતુ. ખાલી જગ્યાઓને પગલે પંચાયતી રાજ વ્યવસ્થા તુટી પડે તેવો ભાય ઉભો થયો છે.

તાજેતરમાં શિક્ષકોની ૧૦ ટકા જગ્યા ખાલી હોય મંજૂર મહેકમ સામે તો તેની ગણતરી પણ નહિ કરવાની સૂચના સરકારના શિક્ષણ વિભાગમાંથી મળી હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત કોટવાલ, ડ્રાયવર, પંપ ઓપરેટર અને પટાવાળાઓની જગ્યાઓ તો જે ખાલી છે તેનો આંક મોટો થવા જાય છે.

જિલ્લામાં જે રીતે તંત્ર ઓડંગાઈ રહ્યું છે તેના માટે સરકાર જો સમયસર હસ્તક્ષેપ કરી અને નહિ દરમ્યાનગીરી કરે તો આગામી દિવસોમાં ગામડાઓ લગભગ તુટી જશે.


## એમ્બ્યુલન્સવાનની હરાજી

### સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ, ગાંધીનગર

પ્લોટ નં. ૭૯૦/એ, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર તરફથી તેની ચાલુ સ્થિતિમાં નીચે જણાવેલ વિગતની એમ્બ્યુલન્સવાનને જાહેર હરાજીથી વેચવાની છે. વાહન ખરીદનાર વ્યક્તિ / પેઢીએ નીચે જણાવેલ સરનામે અરજી કરીને તે અંગેનું, હરાજી સાથેનું, કોરું ભાવપત્રક રૂ. ૫૦/- રોકડેથી આપીને મોડામાં મોડા તારીખ ૧૫-૮-૨૦૧૫ સુધીમાં મેળવી લેવાનું રહેશે. ભરેલ ભાવપત્રક મોડામાં મોડા તારીખ ૨૫-૮-૨૦૧૫ સુધીમાં મળી જાય તે રીતે ફક્ત રજી.પોસ્ટ એ.ડી.થી જ હરાજીની શરતોને આધિન મોકલી આપવાનું રહેશે. કવર ઉપર 'વાહનની ઓફર' લખવું. ભાવપત્રક સાથે રૂ. ૫૦૦૦/-નો 'સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર'ના નામનો ગાંધીનગરની કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ બાનાની રકમ તરીકે બીડવાનો રહેશે. બાનાની રકમ સિવાયનું ભાવપત્રક રદબાતલ ગણાશે અને તેમને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. આવેલ ભાવપત્રકોને તારીખ ૨૬-૮-૨૦૧૫ના રોજ બપોરે ૩-૦૦ કલાકે ઓફર મોકલનારાઓની હાજરીમાં કાઉન્સિલની કચેરીએ ખોલવામાં આવશે. ત્યારબાદ તે જ સ્થળે, સૌથી ઉંચી આવેલ ઓફરથી જાહેર હરાજી ચાલુ કરવામાં આવશે. સૌથી વધુ બોલી બોલનારે તેમની ઓફરને, કાઉન્સિલની મંજુરી મળ્યા બાદ તેમની ઓફરની ૨૫ ટકા રકમનો ચેક યા રોકડા સ્થળ ઉપર જ આપવાના રહેશે. બાકીની રકમનું ચુકવણું ફક્ત ચેકથી ૧૦ દિવસમાં કરવાનું રહેશે. આમાં ચૂક થયે ભરેલ રકમ જપ્ત કરવામાં આવશે. નામંજુર થયેલ ઓફરોવાળાની બાનાની રકમ પરત કરવામાં આવશે.

વાહનની વિગતો : ટોયોટા કંપનીની કવૉલિસ ગાડીનું મોડલ ૨૦૦૪, એફએસ-૨૪૦૫૨ એ.સી. એમ્બ્યુલન્સ વાન, રજી.ની તારીખ : ૧૦-૨-૦૫, રજી. નં. જીજે-૧૮ યુ ૮૮૧૫, ગાડીનું એમ્બ્યુલન્સ તરીકેનું ફીટનેશ સર્ટી. તારીખ ૧૦-૨-૧૬ સુધીનું છે. જ્યારે તેનો આર.ટી.ઓ.ના ટેક્ષની મુક્તિના તા. ૩૧-૩-૧૬ સુધીની છે.

વાહન જોવાનું તથા કોરા ભાવપત્રકો મેળવવાનું તેમજ સિલબંધ ભાવપત્રકો મોકલવાનું સરનામું

**શ્રી એચ. એમ. પંચાલ - ટ્રસ્ટી / કોષાધ્યક્ષ**
**પ્લોટ નં. ૧૫૨/૧, સેક્ટર-૨૨, ગાંધીનગર.**
**ફોન નં. ૨૩૨૨૨૬૮૮, મો. ૯૮૨૪૬ ૧૩૬૩૦**

સહી/-
એચ.એમ. પંચાલ
ટ્રસ્ટી / કોષાધ્યક્ષ